આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૩૧૯ | ૩૧ જાન્યુઆરી, ૨૦૧૪, શુક્રવાર; મહા સુદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

અભિમાન એ અધિકાર ભોગવવાની અંતરની ઇચ્છાનો પડઘો છે
- રાજચંદ્ર

## NEWS બિટસ

**● દૂધની ભેળસેળ સામે કડક પગલાં લેવા સુપ્રિમની તાકીદ**

પોષણ માટે ખુબ જરૂરી એવા



દૂધમાં ભેળસેળ બાબતે સુપ્રિમ કોર્ટે આકરૂ વલણ અખત્યાર કર્યું છે. સુપ્રિમ કોર્ટે દૂધની ભેળસેળ સામે કડક પગલાં લેવા તાકીદ કરી છે. કુપોષણ અને કેન્સર જેવા ગંભીર રોગો ભેળસેળિયા દૂધના કારણે થતા હોવાથી સુપ્રિમે આકરૂ વલણ અપનાવ્યું છે.

**● રાજ ઠાકરે પર પોલીસ કેસ**

ટોલટેક્સ નહી આપવા



મનસેના સુપ્રિમો રાજ ઠાકરેએ કાર્યકરોને ઉશ્કેર્યા બાદ ટોલ બુથો પર ભારે તોડફોડ થઈ હતી અને ટોલબુથના કર્મચારીઓની સાથે મારપીટ કરવામાં આવી હતી. આ કૃત્ય બદલ મુંબઈના વાશી પોલીસમથકે રાજ ઠાકરે વિરૂદ્ધ કલમ ૧૫૩-એ, ૫૦૫ અને ૧૧૭ હેઠળ ગુન્હો નોંધવામાં આવ્યો છે.

# આજે મનપાનું બજેટ

## નવા કરવેરાની સાથે સાથે વસુલાત પર વિશેષ ધ્યાન કેન્દ્રીત કરવાની વ્યુહરચના : પગાર ખર્ચને પહોંચી વળવા નવી આવકના સાધનો ઉભા કરાશે

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર મહાનગરપાલિકાના વર્ષ ૨૦૧૪-૧૫નું આજે રજુ થનાર બજેટમાં ૩૨ માળખામાં સુધારા-વધારા સાથે નવા કરવેરા લાદવામાં આવશે.

આજે મહાનગરપાલિકાની સ્થાયી સમિતિ સમક્ષ ઈન્ચાર્જ મ્યુનિ. કમિશનર શ્રી પી. સ્વરૂપ ૨૦૧૪-૧૫નું ડ્રાફ્ટ બજેટ રજુ કરશે. આ સાથે તેઓ ૨૦૧૩-૧૪નું સુધારેલુ બજેટ પણ રજુ કરશે.

સ્થાયી સમિતિના ચેરમેન શ્રી આશિષ દવેની અધ્યક્ષતામાં આજે મળનારી બેઠકમાં રજુ થનાર ડ્રાફ્ટ બજેટમાં પગાર ખર્ચમાં થઈ રહેલા વધારાને કારણે નવા કરવેરા લાદવામાં આવશે તેમ સ્પષ્ટ મનાઈ રહ્યું છે. આ ઉપરાંત હાલનું જે કરમાળખુ છે તેમાં સફાઈ ચાર્જમાં વધારો કરવામાં આવે તેવી શકયતાઓ છે.

સફાઈ માટે નવા ખરીદાયેલા સાધનોના મેઈન્ટેન્સ ખર્ચ તેમજ

● અનુસંધાન પાન-૭ પર

# રહેણાંક વિસ્તારમાં દુકાન ધારકોને લાયસન્સ આપવામાં આવશે

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર શહેરના રહેણાંક વિસ્તારમાં આવેલ દુકાન ધારકોને પણ ફુડલાઈસન્સ આપવા અને તેની નોંધણી કરવાનો નિર્ણય મ્યુનિ-કમિશનરશ્રીએ કર્યો છે.

જિલ્લા કલેકટરશ્રી અને ઈન્ચાર્જ મ્યુનિ. કમિશનરશ્રીને આજે વેપારીઓનું એક પ્રતિનિધિમંડળ મળ્યું હતું. આ પ્રતિનિધિ મંડળની રજુઆતોને ધ્યાને લઈ હકારાત્મક વલણ અપનાવી રજીસ્ટ્રેશન અને લાયસન્સ માટેની નોંધણી કરવાની અરજીઓની સ્વીકૃતિ કરવા સૂચનાઓ આપી હતી.

ફુડ સેફટીના લાયસન્સ અને રજિસ્ટ્રેશન માટે ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનમાં રહેણાંક વિસ્તારમાં ધંધો કરતા દરેક વેપારીઓને અગાઉ આપવામાં આવતા ન હતા. આજરોજ ગાંધીનગર મીઠાઈ ફરસાણ એસોસીએશનના પ્રમુખ કૌશિકભાઈ સુખડિયા તથા તેમની સાથે અન્ય વેપારી પ્રતિનિધિ મંડળ ગાંધીનગરના કલેકટરશ્રીને રૂબરૂ મળ્યા અને આ બાબતે રજૂઆત કરી હતી. કલેકટરશ્રીએ હકારાત્મક વલણ અપનાવી આ અંગે ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનને રજિસ્ટ્રેશન-લાયસન્સની અરજીઓ સ્વીકારવા

● અનુસંધાન પાન-૭ પર


R WORLD BIG Cinemas

NOW SHOWING




R World BIG Cinemas, Ahmedabad-Mehsana Highway, Adalaj

One By Two (U/A) - 10.15 am, 1.15, 4.15, 7.15 & 10.15 pm

Jai Ho (U/A) (Fri-Sun) - 10.30 am, 12 noon, 1.30, 3.00, 4.30, 6.00, 7.30, 9.00 & 10.30 pm

Jai Ho (U/A) (Mon-Thurs) - 10.30 am, 1.30, 4.30, 7.30 & 10.30 pm

*schedule subject to change

telebooking 09377458281

www.bigcinemas.com facebook.com/BigCinemasIndia


# ચૂંટણી પૂર્વે ફોટાવાળી મતદાર યાદી

## જિલ્લામાં નોંધાયેલા મતદારોની સંખ્યા ૧૦.૫૩ લાખ થઈ : વિધાનસભાની ચૂંટણી બાદ ૫૩ હજાર મતદારો વધ્યા : ૯૯૩ નામ ડુપ્લીકેટ નોંધાયેલા જણાતાં તંત્રએ તે રદ કર્યા છે

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લાની પાંચેય વિધાનસભા મતવિસ્તારની મતદાર યાદી લોકસભા ચૂંટણી પૂર્વે ફોટાવાળી થઈ જશે. ૪૩૨ જેટલા મતદારોના ફોટા ખૂટે છે અને તે મેળવી લેવા માટે મતદાર નોંધણી અધિકારીઓને ૧૫મી ફેબ્રુઆરી સુધી મેળવી લેવા માટેની સૂચના પણ આપી દેવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લાની આજે પ્રસિદ્ધ થનાર નવી મતદારયાદીમાં કુલ ૧૦,૫૩,૧૧૬ મતદારો નોંધાયા છે. જેમાં ૫,૦૭,૯૪૫ મતદારો મહિલા છે જ્યારે ૫,૪૫,૧૬૦ પુરૂષ મતદારો છે.

વિધાનસભાની ચૂંટણી બાદ જિલ્લામાં ૫૩,૭૪૧ નો વધારો થવા પામ્યો છે. આમ તો જિલ્લામાં છેલ્લા બે વર્ષ દરમ્યાન ૭૧,૨૪૩ નવા મતદારોની અરજીઓ મળી છે પરંતુ ૧૭,૫૦૨ મતદારોના નામ જુદા જુદા કારણોસર કમી થતાં મતદારોમાં ૫૩,૭૪૧ મતદારોનો વધારો થવા પામ્યો છે.

જિલ્લામાં હાલ ૯૯.૯૭ મતદારોને ઓળખકાર્ડ આપી દેવામાં આવ્યા છે. આ મતદાર યાદીમાં સૌથી વધુ નોંધનીય બાબત એ છે કે ૧૮ ટકા મતદારોની આયુ માત્ર ૩૦ વર્ષ સુધીની છે.

નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી આઈ.આર. મન્સુરીના જણાવ્યા પ્રમાણે મતદારયાદીમાં ૧૮,૨૧૯ જેટલી ભુલો તંત્રના ધ્યાને

● અનુસંધાન પાન-૭ પર


Aakar Lowrise

(3-BHK Luxuries Flats with Pent House)

● રેડી પઝેશન ● મુખ્ય માર્ગ પાસે ● લોન પેપર્સ ઉપલબ્ધ ● ત્રણ માળ લીફ્ટ સાથે



Developer : Aakar Associates, New Valol, Uvarsad Road, Gandhinagar, Mobile: 9825316169, 9427305419



શ્રીમતી સોનિયા ગાંધી
અધ્યક્ષ, યૂપીએ



ડૉ. મનમોહન સિંહ
વડાપ્રધાન

છેલ્લા 4 વર્ષમાં ભારતમાં 175 બિલિયન ડોલરનું સીધું વિદેશી રોકાણ

ભારત મનપસંદ રોકાણ ક્ષેત્ર તરીકે ઉભર્યું

- છેલ્લા 10 વર્ષમાં ભારતે કુલ FDI ની 94% રકમ મેળવી
- મજબૂત FDI નીતિ દ્વારા વધુ નોકરીઓનું નિર્માણ અને વિશ્વ કક્ષાનો માળખાગત વિકાસ
- FDI માટે ઉભરતા અને વિકસિત બજારમાં ભારતને શ્રેષ્ઠ રોકાણ ક્ષેત્ર તરીકેનું સ્થાન પ્રાપ્ત

ભારત નિર્માણનો પુરાવો

આજે કરીએ ભારત નિર્માણ, આવતીકાલની પેઢી માટે

davp 22111/13/0223/1314